ગાંધીનગર સમાચાર



# ટાઈગર મોસ્કીટો ચિકનગુનિયા અને ડેન્ગ્યુ બન્ને ફેલાવી શકે છે !!

## ટાઈગર મોસ્કીટોનું ઈંડુ ત્રણ વર્ષ સુધી સુષુપ્ત રહી શકે છે તો તેની ઉડવાની ક્ષમતા ૧ કિ.મી. સુધીની છે



ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આ વખતે ત્રણ પ્રકારના મચ્છરોએ દેખા દીધી છે એક ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરો, મેલેરિયા ફેલાવતા એનોફિસિસ અને ક્યુલેક્સ મચ્છરો.

શહેરમાં ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોની ઉત્પત્તિ અને તેની ઘનતા અગાઉ કરતાં ઘણી બધી વધુ જોવા મળી રહી છે ત્યારે મચ્છરોની કેટલીક વણકથી વાતો જાણવા જેવી છે.

**સમયસર** - પ્રકાશ જહા

એડીસ મચ્છર જે ડેન્ગ્યુ અને ચિકનગુનિયા ફેલાવે છે તેને ટાઈગર મોસ્કીટો તરીકે પણ ઓળખવામાં આવે છે. આ મચ્છરે બાઈટ દરમ્યાન જે વાઈરલ મળ્યો હોય તેના દર્દીઓ વધુ જોવા મળે છે. આ મચ્છર એક કિ.મી. સુધી ઉડી શકવાની ક્ષમતા ધરાવે છે તેમજ તે માત્રને માત્ર દિવસ દરમ્યાન જ બાઈટ કરે છે.

એનોફિલિસ મચ્છર અને ક્યુલેક્સ મચ્છર એ ત્રણ કિ.મી. સુધી ઉડી શકે છે. આ બન્ને મચ્છરોનો કરડવા માટેનો સમય મોડી રાતનો વધુ પસંદ કરે છે.

ક્યુલેક્સ મચ્છર એ ગંદકીમાં ઉત્પન્ન થાય છે અને તેનાથી ફાઈલેરિયા થઈ શકે છે. એનોફિસિસ મચ્છર એ મોડીરાતથી પરોઢિયા સુધીમાં જ બાઈટ કરે છે અને તે મેલેરિયા ફેલાવે છે.

મેલેરિયા આમ તો પાંચ પ્રકારના છે પણ આપણા ગુજરાતમાં સાદો મેલેરિયા અને ઝેરી મેલેરિયા પ્રચલિત છે.

આ મચ્છરો પાણીમાં થાય છે એડીસ મચ્છરો ચોખ્ખા પાણીમાં થાય છે અને ડેન્ગ્યુને મેઈન મેઈડ રોગ તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે પાણીના સંગ્રહસ્ત્રોતોની સફાઈ ના રાખીએ તો આ મચ્છરોને મોકળુ મેદાન મળી જાય છે.

એડીસ મચ્છરના ઈંડા ત્રણ વર્ષ સુધી સુષ્વત અવસ્થામાં રહી શકે છે અને તેને પાણી મળતાં તેમાં પાછા મચ્છર બની શકે છે. ટાઈગર મોસ્કીટો તરીકે ઓળખાતા આ મચ્છરને સફેદ ટપકાં હોય છે એટલે તેનું નામ આ પડ્યું હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરને નિષ્બત છે ત્યાં સુધી અત્યાર સુધીમાં ૨૫૦૦થી વધુ સ્થાનો પરથી એડીસ મચ્છરોના બ્રિડીંગ મળતાં તંત્રએ તેનો સફાયો કર્યો છે.

એડીસ મચ્છરથી ચિકનગુનિયા પણ થઈ શકે છે. જો કે આ વખતે ગાંધીનગરમાં ચિકનગુનિયા એ દેખા નથી તો ડેન્ગ્યુના કેસોમાં ઉછાળો જોવા મળ્યો છે. મેલેરિયાના કેસો ઘટ્યા છે તે પણ એક સારી બાબત તંત્ર માટે કહી શકાય.

# વન વિભાગ દ્વારા ૨૦ હજાર ક્વિન્ટલ લાકડાની હરાજી કરાશે

ગાંધીનગર તા ૮

ગત જુલાઈ દરમિયાન તોફાની વરસાદમાં જિલ્લામાં સેંકડો વૃક્ષો ધરાશાયી થયા હતા. જયારે વન વિભાગ દ્વારા આ વૃક્ષો દુર કરી તેમાંથી અંદાજિત ૨૦ હજાર ક્વિન્ટલ લાકડુ એકત્રિત કરવામાં આવ્યુ છે. દિવાળી બાદ આ લાકડાની હરાજી પ્રકીયા યોજવામાં આવશે. જેના અંતે વન વિભાગને અંદાજે રૂપિયા ૫૦ લાખની આવક થવાનો અંદાજ છે.

ગાંધીનગર જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસા દરમિયાન તોફાની વરસાદના સંજોગોમાં સેંકડો વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા વૃક્ષો ધરાશાયી થવાના લીધે રસ્તાઓ પણ બ્લોક થઈ જતા નગરના જનજીવન પર વિપરિત અસર થઈ હતી. જયારે હજુ પણ શહેરમાં કેટલાક ઠેકાણે વૃક્ષો યથાવત સ્થિતિમાં જોવા મળે છે. જો કે બે મહીનાથી પણ વધુ સમયના અંતે વન વિભાગ દ્વારા મોટાભાગના વૃક્ષો દુર કરી દેવામાં આવ્યા છે. જો કે કેટલાક કિસ્સામાં

**૫૦ લાખની આવક થશે : ગત જુલાઇમાં તોફાની વરસાદમાં ઘરાશાયી થયેલા વૃક્ષોના લાકડાની હરાજી કરાશે**

સ્થાનિક લોકો દ્વારા વૃક્ષો દુર કરી લાકડુ સગેવગે કરી દેવાયા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. વન તંત્ર માટે પણ આ કામગીરી કરવાનુ જાણે ચેલેન્જરૂપ બની ગયુ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ હતુ.વન વિભાગ દ્વારા જિલ્લામાં ધરાશાયી થયેલા વૃક્ષોને દુર કરવા માટે અંદાજે રૂપિયા ૨૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે ધરાશાયી થયેલા વૃક્ષોમાંથી લાકડાની ઉપજ પણ વિશેષ પ્રમાણમાં થઈ છે. વિભાગના અંતરંગ સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર વન વિભાગે જમીનદોસ્ત થયેલા વૃક્ષોમાંથી અંદાજિત ૨૦ હજાર ક્વિન્ટલ જેટલુ લાકડુ એકત્રિત કર્યુ છે. જયારે આ લાકડાને વન વિભાગના ડેપો મારફતે વેચાણ કરવામાં આવશે. આગામી દિવાળી બાદ ઠંડીના દિવસોમાં વનતંત્ર દ્વારા હરાજીની પ્રકીયા હાથ ધરવામાં આવશે જયારે વનવિભાગને આ હરાજીના અંતે લાકડામાંથી અંદાજિત રૂપિયા ૫૦ લાખની આવક થશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

**ગરમીનો પ્રકોપ** - શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી તાપમાન ઉચકાતા માર્ગો સુમસામ બન્યા છે... ગાંધીનગર શહેર અને જીલ્લામાં ભાદરવા મહિનાના અંતિમ ચરણમાં તાપમાન પરાકાષ્ટાએ પહોંચી ગયું છે... ૩૭-૩૮ ડીગ્રી તાપમાનમાં બહાર નિકળવાનું ટાળતા નગરજનોના પગલે માર્ગો સુમસામ ભાસે છે...

# ગાંધીનગરના કલાકારો ૧૭મીએ રાષ્ટ્રપતિભવનમાં ગરબા કરશે

## પનઘટ કલા કેન્દ્રના ૨૦ કલાકારો ૧૪મીએ દિલ્હી જવા રવાના થશે : ૧૫ અને ૧૬મીએ રીહર્સલ યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના કલાકારો રાજ્ય અને રાષ્ટ્ર લેવલે સાંસ્કૃતિક કાર્યક્રમોની અભિવ્યક્તિમાં હંમેશા અગ્રેસર રહે છે. વાયબ્રન્ટ ગુજરાત કે રણોત્સવ, પતંગોત્સવ કે રાસ-ગરબા સ્પર્ધા હોય ગાંધીનગરના કલાકારો છવાયેલા રહે છે. આગામી નવરાત્રી પર્વ નિમિત્તે દિલ્હીમાં રાષ્ટ્રપતિભવન ખાતે ગુજરાતના વિવિધ નૃત્ય શૈલીનો અનોખો કાર્યક્રમ ૧૭મીએ યોજાવાનો છે. જેમાં ગાંધીનગરના ૨૦ કલાકારો ગુજરાતની ઓળખ સમો ગરબો રજુ કરશે. પનઘટ કલા કેન્દ્રના પ્રમુખ ભાવિન પટેલના નિદર્શન હેઠળ શહેરની ૧૮ યુવતિઓ ગુજરાતનો લોકપ્રિય ગરબો 'મા એ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં રે...' પ્રસ્તુત કરશે.

ગુજરાતની સંસ્કૃતિ ખુબ સમૃદ્ધ છે. ભૌગોલિક વિશેષતાઓની સાથે સાથે સાંસ્કૃતિક વૈવિધ્ય ગુજરાતનું ગૌરવ છે. ગુજરાતના રાસ-ગરબા તો દેશવિદેશમાં લોકપ્રિય બન્યા જ છે. પરંતુ અન્ય નૃત્ય શૈલીના નૃત્યો પણ ધીમેધીમે જાણીતા બની રહ્યા છે. ગરબો, રાસ, ડાંગી નૃત્ય, બેડાનૃત્ય, કચ્છી નૃત્ય જેવી કૃતિઓ ગુજરાતની ઓળખ બની રહી છે. આગામી તા. ૧૭મી ઓક્ટોબરે એટલે કે પાંચમા નોરતે રાષ્ટ્રપતિભવન ખાતે ગુજરાતની વિવિધ નૃત્ય શૈલીઓનો અનોખો કાર્યક્રમ યોજવામાં આવશે. રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, કેબીનેટ મંત્રીઓ, સાંસદો સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાનાર આ અનોખા કાર્યક્રમમાં ગાંધીનગરના પનઘટ કલાકેન્દ્રના કલાકારો ગુજરાતનો જાણીતો ગરબો રજૂ કરશે. ''મા એ ગરબો કોરાવ્યો ગગન

● અનુસંધાન પાન-૭ પર

# વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરિક્ષામાં ૨૮ બ્લોકમાં સી.સી.ટી.વી. કેમેરાની વોચ રહેશે

ગાંધીનગર તા ૮

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૩૦ ઓકટોબરથી વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરિક્ષા લેવામાં આવશે જિલ્લાના વિવિધ ૨૮ બ્લોકમાં પરિક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે બોર્ડ દ્વારા પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય બ્લોકમાં સી સી ટીવી કેમેરાની વોચ હોય તેવા બ્લોકમાં જ પરિક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

નવરાત બાદ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરિક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે જિલ્લામાંથી અંદાજિત ૧૧૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે. જયારે વિવિધ ૨૮ જેટલા બ્લોકમાં પરિક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સેમેસ્ટર પરિક્ષાને અનુલક્ષી વિદ્યાથીઓ પણ તૈયારીંમાં લાગી ગયા છે. ત્યારે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પણ પરિક્ષાને અનુલક્ષી તૈયારી કરી દેવાઈ છે. પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી ટી વી કેમેરાથી સજ્જ હોય તેવા કેન્દ્રો પર જ કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત બોર્ડ દ્વારા સ્કવોર્ડની ટીમ પણ પરિક્ષાના બ્લોકમાં રાઉન્ડ લેશે.

# શહેરમાં ૧૦૦ થી પણ વધુ સ્થાનો પર ડેન્ગ્યુના મચ્છરોના બ્રિડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં આજે પણ એકસોથી વધુ સ્થાનો પરથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં તંત્રએ તેની કામગીરીને વધુ સઘન બનાવી છે.

**ડેન્ગ્યુનો બિનસત્તાવાર આંક ૮૦ને પાર કરી ગયો તંત્ર કહે છે માત્ર ૨૦ જ કેસ નોંધાયા છે**

આજે તંત્રની ટીમોએ સે. ૧, ૨, ૬, ૨૧, ૨૫ અને ૨૬ના ૪૫૬૬ ઘરની તપાસ કરી હતી અને ૯૦૫૦ પાત્રોની ચકાસણી કરતાં ૧૪૭ સ્થાનો પરથી બ્રિડીંગ મળી આવ્યા હતા.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક સપ્તાહથી ચાલી રહેલા સઘન સર્વેલન્સમાં જે મોટી સંખ્યામાં મચ્છરોના બ્રિડીંગ મળી રહ્યા છે તેને લઈ તંત્રની ઊંઘ હરામ થઈ જવા પામી છે. હવે તંત્ર પણ ચિંતાતુર બન્યું છે.

તંત્રના સૂત્રોમાંથી જ પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ડેન્ગ્યુના શંકાસ્પદ કેસોની સંખ્યા ૮૩ પર પહોંચી છે જ્યારે કન્ફર્મ કેસની સંખ્યા ૨૦ છે. જોકે ગાંધીનગર શહેરના ખાનગી દવાખાનાઓમાં ડેન્ગ્યુના કેસો વધી રહ્યા છે પરંતુ તંત્ર હજુ તેનો સ્વીકાર કરતુ નથી.

તંત્રનો દાવો છે કે અમે મચ્છરોના ઉત્પત્તિ કેન્દ્રોનો નાશ કરી અને પરિસ્થિતિને નિયંત્રણમાં રાખી રહ્યા છીએ. પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે અને શહેરમાં ડેન્ગ્યુના કેસો વધ્યા છે પણ રોગચાળો છે તેમ કહી શકાય નહિ.

# ટી પી -૬માં કાચા પાકા દબાણો દુર કરવા ગુડાનુ તંત્ર ત્રાટકયુ

ગાંધીનગર તા ૮

ગુડા દ્વારા ન્યુ ગાંધીનગર વિસ્તારમાંથી દબાણોનો અડીંગો દુર કરવા અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. ગુડા વિસ્તારમાં કાચા પાકા દબાણોની સંખ્યા વિશેષ છે. જયારે ટી પી વિસ્તારમાં અસ્તિત્વ ધરાવતા દબાણો મામલે અગાઉ ગુડાના ચેરમેન દ્વારા પણ રાઉન્ડ લઈ ગેરકાયદેસર દબાણો દુર કરવા સુચના આપવામાં આવી હતી.આજે પણ ગુડાના તંત્ર દ્વારા કુડાસણ વિસ્તારમાં સર્વિસ રોડ પર સ્થિત એક ગેરકાયદેસર રેસ્ટોરન્ટનુ દબાણ દુર કરવા સુચના આપવામાં આવી છે.

**દબાણકર્તાઓને સામાન ખાલી કરી દેવા સુચના : ટુંકમાં જ દબાણ હટાવાશે**

ગુડા વિસ્તારમાં દબાણો દુર કરવા તંત્ર જાગૃત બન્યુ છે. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ન્યુ ગાંધીનગર વિસ્તારમાં વિકાસના નવા

● અનુસંધાન પાન-૭ પર

નવમી વાર્ષિક પુણ્યતીથિએ

**શ્રદ્ધાંજલિ**



**સ્વ. શ્રી કમલેશભાઇ અમૃતલાલ જાની**

સ્વ. તા. ૯-૧૦-૨૦૦૭

સ્થાપકશ્રી : સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર

"સંસ્કારની સુવાસ, ચારે કોર પ્રસરાવી દીધી, ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહારે પવિત્ર શુદ્ધ રહ્યાં, સુખ દુઃખમાં સદા સાથી રહી, સદા હસતાં રહ્યાં, અણધારી વિદાય લઈ, આંખોમાં અશ્રુ મૂકતાં ગયાં."

ગં.સ્વ. કૈલાસબેન કમલેશભાઇ જાની

વૈભવ કમલેશભાઇ જાની — રૂદ્ર વૈભવ જાની

દિપ્તી વૈભવ જાની — વેદ વૈભવ જાની

સમર્પણ પરિવાર

# આજે મધુર ડેરીના ૪ મહિલા ડિરેક્ટરો માટે મતદાન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાની અગત્યની સહકારી સંસ્થા મધુર ડેરીમાં ૪ મહિલા ડિરેક્ટર્સની બેઠક માટે આજે મતદાન યોજાશે.

મધુર ડેરી ખાતે સવારે ૯ વાગ્યાથી આ ચૂંટણી માટેનું મતદાન થશે. મહિલા ડિરેક્ટર્સની ૪ બેઠક માટે પાંચ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાઈ રહ્યો છે. આ મતદાન બપોરે ત્રણ વાગ્યા સુધી ચાલશે અને આ પછી તુરત જ મતગણતરી હાથ ધરવામાં આવશે.

૧૧૧ મતદારો આ ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. આ ચૂંટણી માટે જે તે સભાસદને

**૩.૪૫ સુધીમાં મતગણતરીનું પરિણામ આવી જશે : ૧૧૧ મતદારો મતદાન કરશે : સવારે ૯ થી ૩ મતદાનનો સમય**

તેમની ડેરીએ આપેલા ઓળખપત્ર સાથે આવવાનું રહેશે. તંત્રએ આ માટેની સંપૂર્ણ તૈયારી કરી લીધી છે.

મધુર ડેરીના ૮ ડિરેક્ટરો અગાઉ બિનહરિફ ચૂંટાયેલા જાહેર થઈ ચુક્યા છે. આ બિનહરિફ થયેલા ઉમેદવારોમાં ડેરીના વર્તમાન ચેરમેન શ્રી શંકરસિંહ રાણા જૂથનો દબદબો યથાવત રહેવા પામ્યો છે તે ઉલ્લેખનીય છે.

ચૂંટણી અધિકારી શ્રી રાકેશ વ્યાસે જણાવ્યુ હતુ કે મતદાન પત્ર દ્વારા મતદાન યોજાશે તેમજ નિષ્પક્ષ-ન્યાયી અને મુક્ત વાતાવરણમાં મતદાન થાય તે માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવ્યા છે. બપોરે ૩.૪૫ સુધીમાં પરિણામ જાહેર કરી દેવામાં આવશે. આ માટે પુરતો પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

**મળશે નહી**

ગાંધીનગરના સે.૧૭ના

કાન, નાક, ગળાના સર્જન

**ડો. યશવંત છાટબાર**

તા. ૯/૧૦/૧૧ ઓક્ટોબર ૨૦૧૫ સુધી મુંબઈ કોન્ફરન્સમાં જતા હોવાથી મળી શકશે નહિ. તા. ૧૨/૧૦/૧૫થી રાબેતા મુજબ મળશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**KENDRIYA VIDYALAYA NO. 1**
SECTOR-30, GANDHINAGAR (GUJARAT)
Contact No. 079-23261211/23261209

**TENDER NOTICE FOR SECURITY, GARDENING & CONSERVANCY**

Sealed Tenders are invited for awarding contract for out-sourcing the services of (1) Security (2) Conservancy (3) Gardening of the Vidyalayaw.e.f. 1st December, 2015. Approved agencies having license from the competent authorities can obtain tender documents from the Vidyalaya Office on all working days (from 09.00 a.m. to 02.00 p.m.) from 15th October,2015 to 30th October, 2015. The last date for submission of tender is 30th October, 2015 till 03.00 p.m. Tenders will be opened on 2nd November, 2015 at 11.00 a.m. Separate tender documents should be collected from the office for separate services of (1) Security (2) Conservancy (3) Gardening. Tenders should be sent through Registered Post/By Hand.

Principal

website : www.kv1gandhinagar.org

**જોઈએ છે**

• LED TV • LCD TV • Colour TV

જુના બંધ હાલતમાં

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

...ઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com